# ૯ આપણે સૌ તોફાની

T3E8X9

## ચાલો, ગાઈએ ગીતડું :

વડલાડાળે વાંદરાટોળી કરતી હૂપાહૂપ...
છાનોમાનો જોયા કરું થઈને ચૂપાચૂપ...
વડલાડાળે (૨)
એક મોટો બૂઢિયો એ વાનરનો સરદાર,
એની પાછળ નાનામોટા વાંદરા છે દસબાર.
છાપરાં કૂદે, કૂદે અગાશી, એવા એ બહાદુર... એવા એ બહાદુર
છાનોમાનો જોયા કરું થઈને ચૂપાચૂપ...
લીમડા કેરી ખાય લીંબોળી, વડના ખાય ટેટા
કેરી કેરી ખાઈ ખાઈને ગોટલા નાખે હેઠા
ઠેકડા મારે, મારે ગુલાંટો, કરતાં ઝૂંટાઝૂંટ... કરતાં ઝૂંટાઝૂંટ...
છાનોમાનો જોયા કરું થઈને ચૂપાચૂપ...

## વાંચો અને અભિનય કરો :

તમારા મિત્ર બોલ્યા વગર અભિનય કરે છે તે ઓળખો.

નીચે આપેલ ક્રિયાઓ શિક્ષકે એકવાર વર્ગમાં કરીને બતાવવી. ત્યારબાદ આવી ક્રિયાઓની ચિઠ્ઠીઓ બનાવવી. એક પછી એક બાળક આવે અને ચિઠ્ઠી ઉપાડે. ચિઠ્ઠી વાંચીને એ મુજબ અભિનય કરે. બાકીનાં બાળકો આ અભિનયને ઓળખી બતાવે. વર્ગનાં તમામ બાળકો ચિઠ્ઠી ઉપાડીને વાંચે અને એ મુજબ અભિનય કરે તેમ કરવું.

૧. છાનામાના જોવું
૨. હૂપાહૂપ કરવું
૩. છુપાઈ જવું
૪. ઠંડા પાણીમાં ડૂબકી ખાવી
૫. ખાટી કેરી ખાવી
૬. લીંબોળી ખાવી



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાંચો અને ભજવો :

વિદ્યાર્થીઓ સમક્ષ આ સંવાદ હાવભાવ અને યોગ્ય આરોહ-અવરોહ સાથે વાંચી સંભળાવો. ત્યારબાદ વિદ્યાર્થીઓને નીચેનાં ચિત્રો જોઈ સાથે આપેલા સંવાદ વાંચવા કહેવું. વિદ્યાર્થીઓ પાસે (જોડીમાં અને જૂથમાં) આ સંવાદ રજૂ કરાવો. વિદ્યાર્થીઓ આ સંવાદો ઉપરાંત પોતાના સંવાદો ઉમેરે તે માટે માર્ગદર્શન આપો. જેમ કે, પ્રથમ સંવાદમાં, શૌનક ઘરે આવે ત્યારે મમ્મી પૂછે કે, “આજે આટલું મોડું કેમ થયું ?” વગેરે..



શૌનક : મમ્મી, આજે તો મેં મોટું પરાક્રમ કર્યું.

મમ્મી : વાહ, બેટા...શું પરાક્રમ કર્યું ?

શૌનક : આ ઘાસ મેં જમીનમાંથી ખેંચી કાઢ્યું.

મમ્મી : ઓ હો હો, આ તો બહુ મોટું પરાક્રમ !

શૌનક : હાસ્તો વળી, એક તરફ આખા બગીચાની જમીન આ ઘાસને પકડી રહી હતી, અને બીજી તરફ હું એકલો હતો. તો પણ મેં ઘાસ ખેંચી કાઢ્યું...!




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

☺ સાપ : બેટા, આજે કેમ આટલો ખુશ છે?

બેટો : પપ્પા, આજે મેં એક નવું જ કામ કર્યું.


સાપ : એવી તો શી નવાઈ કરી ?

બેટો : આજે હું સીધો સીધો ચાલીને ઘરે આવ્યો !



◆◆◆

☺



મીઠુ મચ્છર એના મિત્રોને પોતાના પરાક્રમની વાત કરતો હતો. મીઠુ કહે, ''આજે તો મેં જબરું કામ કર્યું.'' બધા મચ્છર નવાઈથી બોલી ઊઠ્યા, ''એવી તો શું ધાડ મારી ?'' મીઠુ : ''આખી રાત પેલા ટપુભાઈનું લોહી પીધું.'' બીજો મચ્છર કહે, ''એમાં શી નવાઈ ? અમે બધાં આખી રાત કોઈક ને કોઈકનું લોહી પીએ જ છીએ ને ?'' મીઠુ કહે, ''પણ ટપુ તો મચ્છરદાનીમાં હતો, હું મચ્છરદાનીમાં ઘૂસી ગયો, બોલો.'' બધા મચ્છર કહે, ''વાહ મીઠુ તારું પરાક્રમ !''

## રમો અને કહો :

**કૂદાકૂદ :**

પાંચ પાંચ વિદ્યાર્થીઓનાં જૂથ બનાવો. મેદાનમાં એક લીટી દોરી એક જૂથના વિદ્યાર્થીઓને એ લીટી પર ઊભા રાખો. આ લીટી પરથી દરેક વિદ્યાર્થીને બંને પગ ભેગા રાખીને કૂદવા કહો. જે સૌથી વધુ લાંબું કૂદે તે વિદ્યાર્થીને અલગ ઊભા રહેવા કહો. ત્યારબાદ બીજું જૂથ પણ આ રીતે કૂદે. તમામ જૂથમાં જીતેલા વિદ્યાર્થીઓનું અલગ જૂથ બનાવો. જીતેલા વિદ્યાર્થીઓના જૂથને પણ આ રમત ફરીથી રમાડો.

આ અને આવી અન્ય રમતો રમાડીને વિદ્યાર્થીઓને વર્ણન કરવા તથા પોતાના અનુભવો રજૂ કરવા કહો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૧. આ રમત આપણે કેવી રીતે રમ્યા ?

૨. બધા વિદ્યાર્થીઓને એકસાથે જ રમાડ્યા હોય તો શું થાય ? શી મુશ્કેલી પડે ?

૩. જીતી ગયેલા વિદ્યાર્થીઓને ફરીથી શા માટે રમાડ્યા ?

૪. કઈ રમત રમવાની તમને સૌથી વધુ મજા આવી ?

૫. કોણ કોણ ખૂબ સારું રમ્યાં ?

૬. તમે કઈ રમત રમાડી શકો ?

## યાદ કરો અને કહો :

વિદ્યાર્થીઓ પોતાનાં તોફાનો વિશે વર્ગમાં વાત કરે એ માટે પહેલાં તમે શરૂઆત કરો. તમારા નાનપણનાં પોતાનાં બે-ત્રણ રસપ્રદ તોફાનો વિશે વર્ગમાં વાત કરો. ત્યારબાદ નીચે આપેલો ફકરો વિદ્યાર્થીઓને વાંચી સંભળાવો.

વિદ્યાર્થીઓ એક પછી એક ઊભા થઈને પોતાનાં તોફાન વિશે વાત કરે. જરૂર જણાયે, વિદ્યાર્થીઓને કેટલાક પ્રશ્નો પૂછીને, તેમનાં તોફાનો વિશે કહેવા પ્રોત્સાહિત કરો. દાખલા તરીકે, તમારા પપ્પા તમારા પર ક્યારે ગુસ્સે થયેલા ? તમે ઘરમાં કોઈ વસ્તુ તોડી હતી ? વગેરે.

વિદ્યાર્થીઓને કહો કે તેઓ ઘરે જઈને પોતાનાં મા-બાપ કે દાદા-દાદીને પૂછે કે એ લોકોએ નાનપણમાં કેવાં તોફાન કર્યાં હતાં ?

એક સાથે બધા વિદ્યાર્થીઓ પોતાનાં તોફાન વિશે વાત ન કરે, પરંતુ એક દિવસે ત્રણ-ચાર વિદ્યાર્થીઓ વાત કરે, બીજા દિવસે બીજા ત્રણ-ચાર વિદ્યાર્થીઓ વાત કરે એ રીતે તમામ વિદ્યાર્થીઓ વાત કરે તેવું આયોજન કરો.

## મારાં તોફાન

હું બાલમંદિરમાં ભણતી હતી ત્યારે એક વાર સાંજે ઘરમાં લીંબુ-શરબત બનાવેલું. મેં મારા દૂધના ગ્લાસમાં લીંબુ-શરબત પીધું હતું. પછી દૂધ પીવાનો સમય થયો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

એટલે દૂધ પણ એ જ ગ્લાસમાં લીધું. પપ્પાએ ગુસ્સાથી કહ્યું, ‘‘આ દૂધ ફાટી ગયું. હવે આ ન પિવાય.’’ મને નવાઈ લાગી. મેં પપ્પાને પૂછ્યું, ‘‘દૂધ ફાટે એટલે શું થાય ?’’ પપ્પા કહે, ‘‘એ તો દૂધમાં ખાટી વસ્તુ ભળે એટલે દૂધ ફાટી જાય. તને ખબર ન પડે.’’ મને તો ફાટી ગયેલા દૂધના ટુકડા દેખાયા જ નહોતા. મેં તો રાત્રે છાનામાના ફ્રીજ ખોલ્યું, દૂધની તપેલી ભરેલી હતી તેમાં થોડું લીંબુ-શરબત ઉમેરી દીધું !

- તમારાં દાદા-દાદી અથવા મમ્મી-પપ્પા પાસેથી જાણો કે તેઓ નાનાં હતાં ત્યારે કેવાં તોફાન કરતાં ?

- તમે આજ સુધી કરેલું કયું તોફાન યાદ છે ?

  તે બધાં તોફાન વિશે વર્ગમાં વાત કરો.

- **ચાલો, ગાઈએ ગીતડું :**

  વડલાડાળે વાંદરાટોળી કરતી હૂપાહૂપ...

**વાર્તા :**

## બળિયો ભીમ


હસ્તિનાપુર નામનું નગર હતું. આ નગરમાં એકસો પાંચ રાજકુમાર રહેતા હતા: પાંચ પાંડવ અને સો કૌરવ. નાનાનાના રાજકુમારો ખાય, પીએ, રમે અને મજા કરે. એકવાર પાંચેય પાંડવ બગીચામાં રમતા હતા. એટલામાં દુર્યોધન અને તેના નવ્વાણું ભાઈઓ આવ્યા. દુર્યોધન અને તેના બીજા ભાઈઓને પાંડવો જરાય ન ગમે. એમાંય ભીમ માટે કૌરવોના મનમાં બહુ જ ખીજ. કૌરવો હંમેશાં પાંડવોને હેરાન કરવાની તક જ શોધતા હોય.

એક દિવસની વાત છે. દુર્યોધન પાંડવોને કહે, ‘‘ચાલો આપણે ભેગા મળીને આંબલીપીપળી રમીએ.’’ ભીમ અને અર્જુને રમવાની ના પાડી. પરંતુ યુધિષ્ઠિરે કહ્યું, ‘‘હા, ચાલો, આપણે સાથે રમીએ.’’ યુધિષ્ઠિરની વાત બધા પાંડવ માને. રમવાનું શરૂ થયું. કૌરવોએ એવું વિચાર્યું કે, ભીમને દાવ આપવો અને આપણે ઝાડ પર ચઢી જવું. એ જાડિયો તો ઝાડ પર ચડી જ નહિ શકે, મજા આવશે !



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ભીમનો દાવ આવ્યો. ભીમે આંખ બંધ કરીને ગણવાનું ચાલુ કર્યું, ''એક, બે, ત્રણ, ચાર,....દસ, અગિયાર, બાર,...વીસ, ત્રીસ, પચાસ,....એંશી, નેવું, એકાણું,...અઠ્ઠાણું, નવ્વાણું અને સો.'' આંખ ઉઘાડીને આજુબાજુ જોયું તો કોઈ જોવા ન મળે. દુર્યોધન અને બીજા કૌરવો ઝાડ પર બેસીને હસતા હતા. ભીમ ઝાડ નીચે ગયો. કૌરવો ભીમને ખીજવવા માંડ્યા.



''જાડિયો જાડિયો જાડિયો ભીમ, ઝાડ પર ચઢશે કેમ ?

આંબલીપીપળીનો દાવ દેવા આપણને એ અડશે કેમ ?''

ભીમ વિચારમાં પડ્યો, ''વાત તો સાચી, હું ઝાડ પર કેવી રીતે ચઢું ?'' ત્યાં તો કૌરવો ફરીથી બોલ્યા :

''કોઈના ટેકે ચઢશે તોપણ, ફેરો એનો ફોગટ જશે,

ઝાડની ડાળીએ પગ મૂકશે તો ડાળી સાથે નીચે જશે.''

ભીમને બહુ ગુસ્સો આવ્યો. જોરથી બૂમ પાડી. એના મોટા અવાજથી એક-બે



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કૌરવો તો ધ્રૂજવા લાગ્યા. ભીમે પોતાનો હાથી જેવો પગ પછાડ્યો. ધરતી ધ્રૂજી. બે-ત્રણ કૌરવો તો 'ઓ મા રે...' કરીને નીચે પડ્યા. ભીમ હજી પણ ગુસ્સામાં હતો. કારણ કે દુર્યોધન અને દુઃશાસન હજી ઝાડ પર હતા અને ભીમને ખીજવતા હતા. ગુસ્સામાં ને ગુસ્સામાં ભીમે ઝાડના થડને જોરથી એક મુક્કો માર્યો. આખું ઝાડ ધ્રૂજી ગયું. ચાર-પાંચ કૌરવો તો 'મરી ગયા ઓ મા રે...!' બોલતાં નીચે પટકાયા. આ જોઈને ભીમને યુક્તિ સૂઝી. એણે તો ઝાડના થડને બાથમાં પકડીને જોરથી હલાવવાનું શરૂ કર્યું. આખું ઝાડ હિલ્લોળા લેવા માંડ્યું. ઝાડ હલવાથી દુર્યોધન, દુઃશાસન અને બાકીના બધા કૌરવો ઝાડ પરથી ટપોટપ નીચે પછડાયા. દુર્યોધન તો ઊંધે માથે પડ્યો. ભીમ દુર્યોધનને અડી ગયો. દાવ દુર્યોધન પર આવી ગયો. ભીમ ખુશ થઈ ગયો.

પહેલાં 'બળિયો ભીમ' વાર્તાનું અસરકારક મુખવાચન કરો. મુખવાચન યોગ્ય ઝડપ અને યોગ્ય આરોહ-અવરોહ સાથે કરવું. જ્યારે તમે વાંચતા હો ત્યારે દરેક વિદ્યાર્થીને પોતાના પુસ્તકમાં આંગળી ફેરવતા રહી સાથે સાથે મનમાં વાંચવા કહો.

ત્યારબાદ આ વાર્તાનું મુખવાચન દરેક વિદ્યાર્થી કરે તે માટે વર્ગના કોઈ એક વિદ્યાર્થીને ઊભા કરી, આ વાર્તા મોટેથી વાંચવા કહો. વિદ્યાર્થીને મોટા અવાજે વાંચવા કહો, જેથી બાકીના વિદ્યાર્થીઓ પણ એ સાંભળી શકે. પહેલો વિદ્યાર્થી ત્રણ-ચાર વાક્યો વાંચે પછી બીજા કોઈ વિદ્યાર્થીને મુખવાચન કરવા કહો. આ રીતે વર્ગના તમામ વિદ્યાર્થીઓને મુખવાચનની તક આપો. કોઈ એક વિદ્યાર્થી મુખવાચન કરતો હોય ત્યારે બાકીના તમામ વિદ્યાર્થીઓ પોતાના પુસ્તકમાંથી એ જ વાક્ય વાંચતા હોય તે ધ્યાન રાખો. આ વાર્તા વર્ગમાં ચાર-પાંચ વખત મોટેથી વંચાશે.

વિદ્યાર્થીઓ જો શબ્દો કે શબ્દસમૂહો વાંચતી વખતે ભૂલ કરતા હોય તો પણ વ્યક્તિગત ભૂલ ન કાઢવી. તે શબ્દો કે શબ્દસમૂહોનું ઝીલવાચન કરાવો.

**સાચા વાક્યની પાછળ ખરાની નિશાની કરો. જે વાક્ય ખરું હોય તે ફરીથી લખો.**

- દુર્યોધનને ભીમ બહુ ગમે. ◯ ____________
- ભીમે દુર્યોધનને મુક્કો માર્યો. ◯ ____________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- છેવટે દુ:શાસન પર દાવ આવ્યો.
- કૌરવો ઝાડ પરથી નીચે પટકાયા.
- પાંડવો યુધિષ્ઠિરની બધી વાત માને.
- ભીમ ખૂબ જ શક્તિશાળી હતો.
- ભીમે ઝાડ હલાવ્યું એટલે પાંડવો નીચે પડ્યા.
- હસ્તિનાપુરના રાજકુમારો એટલે પાંડવો અને કૌરવો.
- આંબલીપીપળી રમવાની કૌરવોને બહુ મજા પડી.

**જોડો: આપેલા વાક્ય જેવો જ અર્થ ધરાવતું વાક્ય કયું ?**

| | |
|---|---|
| ઝાડ પરથી <u>પટકાયા.</u> | ઝાડ પરથી નીચે ઊતર્યા.<br>ઝાડ પરથી નીચે પડ્યા. |
| ઝાડ <u>હિલોળા લેવા લાગ્યું</u>. | ઝાડ આમતેમ હલવા લાગ્યું.<br>ઝાડ હીંચકો ખાવા લાગ્યું. |
| ભીમ બહુ <u>બળિયો હતો.</u> | ભીમ બહુ શક્તિશાળી હતો.<br>ભીમ બહુ બળી ગયો હતો. |
| એનો ફેરો <u>ફોગટ</u> જશે. | એનો ફેરો નકામો જશે.<br>એનો ફેરો મજાનો જશે. |
| ભીમને એક યુક્તિ <u>યાદ આવી</u>. | ભીમને એક યુક્તિ ગમી ગઈ.<br>ભીમને એક યુક્તિ સૂઝી. |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવીને વાક્ય બનાવો.

૧. કહે છે / દરરોજ / મારા દાદા / મને વાર્તા

૨. મારી મમ્મીને / બહુ ગમે / છાપું વાંચવાનું / સવારે

૩. રસોઈ / મારા / બનાવે છે / પપ્પા સરસ

૪. જાય છે / મારી / ક્રિકેટ રમવા / મોટીબહેન

૫. બહુ / મને / ભાવે છે / દૂધ / ગાયનું

- **ચાલો, ગાઈએ ગીતડું : વડલાડાળે વાંદરાટોળી કરતી હૂપાહૂપ**

## નો, ની, નું, ના, નાં મૂકી ખાલી જગ્યા પૂરો :

- ભીમ ____ હાથ પણ મોટા.
- મમ્મી ____ સ્કૂટર નવું છે.
- મારા ભાઈ ____ સાઈકલ હું પણ ચલાવું છું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આજે નાસ્તા ______ ડબ્બો ઘરે ભૂલી ગઈ.
- પેન્સિલ ______ અણી તો વાગે એવી છે.
- દાદા ______ ચશ્માંમાંથી કાચ કાઢી લીધો.
- પાંડવો યુધિષ્ઠિર ______ કહેવું માને.
- દુર્યોધનને ભીમ ______ બહુ બીક લાગે.
- દોસ્ત ______ ડબ્બામાંથી નાસ્તો કર્યો.

## તમને ગમતા વાક્ય સામે ખરાની નિશાની કરો અને ઉદાહરણ મુજબ લખો :

| | |
|---|---|
| મને લાંબી પેન્સિલ ગમે. | મને ટૂંકી પેન્સિલ ગમે. √ |

ઉદાહરણ : મને **ટૂંકી** પેન્સિલ ગમે, મને **લાંબી** પેન્સિલ **ન** ગમે.

| | |
|---|---|
| મને સવારે રમવું ગમે. | મને સાંજે રમવું ગમે. |

______

| | |
|---|---|
| મને પાતળી રોટલી ભાવે. | મને જાડી રોટલી ભાવે. |

______

| | |
|---|---|
| મને ઊંચી સાઈકલ ગમે. | મને નીચી સાઈકલ ગમે. |

______



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | |
|---|---|
| મને હળવું દફતર ગમે. | મને વજનદાર દફતર ગમે. |

| | |
|---|---|
| મને ગરમ દૂધ ભાવે. | મને ઠંડું દૂધ ભાવે. |

| | |
|---|---|
| મને નાનું બૅટ ગમે. | મને મોટું બૅટ ગમે. |

## નીચેનાં વાક્યો એકવાર મોટેથી, પછી મનમાં વાંચો.

આરતી અને આયુષ ભાઈ-બહેન. આરતી મોટી અને ડાહી. આયુષ નાનો પણ બધાના ચાળા પાડે. આરતી જે કરે એ બધું જ આયુષ પણ કરે.

આરતી રૂમમાંથી બહાર આવી, આયુષ પણ બહાર આવ્યો.

આરતી ઉંબરો કૂદી ગઈ, આયુષ પણ ઉંબરો કૂદી ગયો.

આરતી બેસી ગઈ, આયુષ પણ બેસી ગયો.

આરતી ઊભી થઈ, આયુષ પણ ઊભો થયો.

આરતી ધાબે ચડી, આયુષ પણ ધાબે ચડ્યો.

આરતી હસી, આયુષ પણ હસ્યો.

આરતી ધાબું વાળવા લાગી, આયુષ ઊભો જ રહ્યો !



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાંચો, સમજો અને ______માં યોગ્ય શબ્દો લખો. ત્યાર બાદ વર્ગ સમક્ષ મોટેથી વાંચો.

વિદ્યાર્થીઓ આ ખાલી જગ્યામાં જવાબ લખી લે, ત્યારબાદ એક પછી એક એમ ઊભા થઈને આ વાક્યોની જોડ વર્ગ સમક્ષ મોટેથી વાંચે. જેમ કે એક વિદ્યાર્થી ઊભો થાય અને વાંચે : 'શર્મિષ્ઠા ગીત ગાતી હતી. દક્ષ ગીત ગાતો ન હતો.'

| | |
|---|---|
| શર્મિષ્ઠા ગીત ગાતી હતી. | દક્ષ ગીત ગાતો ન હતો. |
| મૌનસ દોડીને જતો હતો. | મૈત્રેયી દોડીને ______ ______ |
| મહર્ષિ શાળામાં આવવાનો છે. | ______ શાળામાં આવવાની છે. |
| શાર્દૂલ ઘરકામ કરતો હતો. | શ્રેયા ઘરકામ ______ ______ |
| પ્રિયાંશ ક્રિકેટ રમવા આવેલો. | ______ ક્રિકેટ રમવા ______ |

## અભિનય સાથે ગાઓ :

### દરિયાકાંઠે

દરિયાકાંઠે રમવા ચાલો નાના બાળારાજા,
રેતીમાં રમવાને ચાલો રે બાળારાજા...
શંખલાં છીપલાં વીણીને, માળા રે બનાવશું,
કાગળની હોડીને પાણીમાં રે તરાવશું,
મોજાં સાથે બાથ ભીડશું ચાલો બાળારાજા... દરિયાકાંઠે.
રેતીના બંગલાઓ સાથે બેસી બનાવશું,
નાની ઢીંગલી માટે રે ખુરશી-ટેબલ લાવશું,
પાણીમાં છબછબિયાં કરશું ચાલો, બાળારાજા... દરિયાકાંઠે.
ઊંચા ઊંચા આભલે સૂરજદાદા આવશે,
સંધ્યા રંગોને, પાણીમાં રે બિછાવશે,



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

દરિયામાં એ રંગો જોવા ચાલો બાળારાજા... દરિયાકાંઠે.
નાની નાની માછલીઓ કાંઠે રમવા આવશે,
ગીત મધુરાં ગાશું, દરિયો હિલ્લોળા લાવશે,
મોજાંમાં હિલ્લોળા જોવા, ચાલો બાળારાજા... દરિયાકાંઠે.

- મહેન્દ્રભાઈ જોશી

## વાતચીત :

સૌ પહેલાં આ ગીતના આધારે બાળકો સાથે વાતચીત કરો કે બાળારાજા દરિયાકાંઠે શું શું કરવાના છે. આ વિગતો બૉર્ડમાં લખો. ત્યારબાદ, બાળકોને પોતાના અનુભવો વિશે વાત કરવા કહો.

આ પ્રવૃત્તિનો હેતુ બાળકોની મૌખિક અભિવ્યક્તિ ખીલવવાનો છે. બાળકો પોતાના અનુભવો અંગે વાત કરે તે અપેક્ષિત છે. બાળકો બોલતાં હોય ત્યારે તેમને ટોકવાં નહીં, બોલવામાં ભૂલ થાય તો થવા દેવી. બાળક બોલતું હોય ત્યારે વચ્ચે રોકીને ભૂલ સુધારવાનો પ્રયત્ન ન કરવો. બાળકને બોલવા દેવું અને વિગતવાર બોલવા પ્રોત્સાહિત કરવું.

જો બાળકો આખા વર્ગ સમક્ષ બોલતાં ક્ષોભ અનુભવે તો પહેલાં તેમને તેમના મિત્ર સાથે આ અંગે વાત કરવા કહો. બધાં બાળકો એકબીજા સાથે વાત કરી લે ત્યારબાદ તેમને વર્ગ સમક્ષ બોલવા કહો.

## જોડકાં જોડો અને લખો :

બાળારાજા દરિયાકાંઠે શું શું કરશે ? એ દરિયાકાંઠે જે કરવાના છે તે ઊલટસૂલટ થઈ ગયું છે, એ સરખું કરીને ઉદાહરણ મુજબ નીચે વાક્યો લખો :

| બાળારાજા... | ... આ કરશે |
|---|---|
| શંખલાં-છીપલાં | રંગો જોશે |
| રેતીના | બનાવશે |
| દરિયામાં | બંગલા બનાવશે |
| મોજાં સાથે | વીણશે |
| કાગળની હોડી | બાથ ભીડશે |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ઉદાહરણ : બાળારાજા દરિયાકાંઠે શંખલાં-છીપલાં વીણશે.

## શિક્ષક બોલે તે લખો :

'બળિયો ભીમ' વાર્તામાંથી ચાર-પાંચ વાક્યો પસંદ કરો. વાક્યો પસંદ કરતી વખતે એવું ધ્યાન રાખવું કે એમાં જોડાક્ષરોવાળા શબ્દો પણ હોય.

દરેક વાક્યનું શ્રુતલેખન કરાવો. દરેક બાળકનું લખાણ કાળજીપૂર્વક ચકાસો. બાળકોએ ભૂલ કરી હોય તો સુધારો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## કોણ બનાવી શકે ? ખાનાંમાં લખો :

અહીં માનવનિર્મિત પદાર્થો અને કુદરતી પદાર્થોનો તફાવત કે તેની સંકલ્પના શીખવવાનો હેતુ નથી. અત્યારે માત્ર એટલી જ અપેક્ષા છે કે બાળકો પોતાના અનુભવજગતના આધારે આ અંગેની ચર્ચામાં ભાગ લે, વર્ગમાં બોલે, જરૂર જણાયે વર્ગમાં દલીલ પણ કરે. આવું થવાથી બાળકો સાદી સમજ કેળવશે કે પોતાની આસપાસ અને પોતાના અનુભવમાં જે કંઈ દેખાય તે બધું માણસે બનાવેલું નથી, તેમાંનું કેટલુંક જ માણસોએ બનાવેલું છે.

નીચે આપેલા શબ્દો ધ્યાનથી વાંચો અને વિચારો કે આમાં એવું શું છે જે માણસ બનાવી શકે ? એવું શું શું છે જે માણસ ન બનાવી શકે ?

● શંખ ● છીપલું ● માળા ● કાગળની હોડી ● રેતીના બંગલા ● આકાશ ● માછલી ● પાણી ● રેતી ● ઢીંગલી ● ખુરશી ● ટેબલ ● સૂર્ય (આ ઉપરાંત બંને ખાના માટે ચાર-પાંચ શબ્દો ઉમેરો.)

| માણસ બનાવી શકે | માણસ ન બનાવી શકે |
| --- | --- |
| | |
| | |
| | |
| | |
| | |
| | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તમે કદી નદીકાંઠે/દરિયાકાંઠે/તળાવ કાંઠે/વાડી-ખેતરમાં/બજારમાં/શાકમાર્કેટમાં/બગીચે ગયા છો ? ત્યાં શું શું કરેલું તે અંગે તમારા કોઈ એક મિત્રને જણાવો. ત્યાર બાદ વર્ગ સમક્ષ કહો.

## લખો :

આ પ્રવૃત્તિનો હેતુ બાળકોની લેખન અભિવ્યક્તિ ખીલવવાનો છે. બાળકો પોતાના અનુભવો અંગે લખતાં થાય તે અપેક્ષિત છે. બાળકો લખે એ પહેલાં એમની સાથે વાતચીત કરો. તેઓ અવારનવાર ફરવા જાય છે. ત્યાં તેઓ શું શું કરે છે તે અંગે પ્રશ્નો પૂછો.

બાળકોને લખાણ અંગે હંમેશાં પ્રોત્સાહન આપવું. દરેક બાળકે જે લખ્યું છે તે કાળજીપૂર્વક ચકાસો. એવું પણ બનશે કે વિદ્યાર્થીએ લખેલું છે એ આપણને સમજાય એવું નહીં હોય. આવું હોય ત્યારે જે-તે બાળકને જ પૂછો કે એણે શું લખ્યું છે, એ શું કહેવા માંગે છે. બાળક પાસેથી જાણીને પછી જ બાળકના લખાણ અંગે સુધારા કે સૂચનો કરો.

બાળારાજા દરિયાકાંઠે ફરવા જશે ત્યારે શું શું કરવાના છે એ તમને ખબર છે. તમે પોતે નદીકાંઠે, દરિયાકાંઠે કે જ્યાં પણ ફરવા ગયા હતા ત્યારે શું શું કરેલું એ પણ તમને ખબર છે.

નીચેના કોઠામાં લખો કે ગીતમાં બાળારાજા દરિયાકાંઠે શું શું કરવાના છે અને તમે જ્યાં ગયા હતા ત્યાં શું શું કરેલું ?

| બાળારાજા આ કરશે | • હું _____ ગયો હતો<br>• મેં આ કરેલું : |
|---|---|
| શંખલાં-છીપલાં વીણશે. | ગોળ ગોળ પથ્થર વીણેલા. |
| | |
| | |
| | |
| | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચિત્ર જુઓ, રંગ પૂરો અને લખો :


વિદ્યાર્થીઓ ચિત્રને આધારે ચાર-પાંચ વાક્યનો સળંગ ફકરો અથવા છૂટાં વાક્યો લખે એ અપેક્ષિત છે. દરેક વિદ્યાર્થીનું લખાણ ધ્યાનથી ચકાસો.

જરૂર જણાયે આ ચિત્ર અંગે વર્ગમાં ચર્ચા કરો. વિદ્યાર્થીઓ ધ્યાનથી ચિત્ર જુએ એ માટે આવા સવાલ પૂછો : ● આ શાનું ચિત્ર છે ? ● ચિત્રમાં કોણ કોણ છે ? ● તેઓ શું શું કરતાં દેખાય છે ? ● ચિત્રમાં બીજું શું શું દેખાય છે ? ● સોફાસેટ પર કોણ બેઠું છે ? ● આ નાની છોકરી શું કરે છે ?

ત્યારબાદ વિદ્યાર્થીઓ એ પણ લખે કે આ ચિત્રમાં શું ઉમેરવા જેવું છે, શું કાઢી નાખવા જેવું છે, શું બદલવા જેવું છે વગેરે. આ માટે પણ વિદ્યાર્થી સાથે ચર્ચા કરો. એ માટે નીચે જેવા પ્રશ્નો પૂછી શકાય :

મુન્નીને બદલે તમે હો તો વાર્તા સાંભળો કે ટીવી જુઓ ?

● મમ્મી મોબાઇલ જોતી હોય ● ટીવી જોતી હોય ● ચા બનાવતી હોય ? વગેરે.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ચિત્રમાં આ છે ....

હવે શિક્ષકના પ્રશ્નોના આધારે તમે જે ફેરફાર કરવાનું કહો તે ઉદાહરણ પ્રમાણે લખો.

દાદા છાપું વાંચતા હોય.

• **ચાલો, ગાઈએ ગીતડું : વડલાડાળે વાંદરાટોળી કરતી હૂપાહૂપ**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in